મુસદ્દો જાહેર/કાર્યવાહી

એજન્ડા નંબર-૯૯
તા-૨૩/૧૧/૦૫

એજન્ડા નંબર :- ૪ (૬)

નગર રચના યોજના નં. ૪૩ (ભીમરાડ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા માટે સમય મર્યાદામાં વધારો કરવા બાબત.

ઠરાવ નંબર : ૨૪૨૭(૬)

નગર રચના યોજના નં.૪૩ (ભીમરાડ) નો મુસદ્દો તૈયાર કરવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ તા.૦૬/૦૪/૨૦૦૫ ના રોજ સત્તામંડળ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો. સદર યોજના તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યાની તારીખથી ૯ માસની અંદર યોજનાની કામગીરી પૂર્ણ કરવાની રહે છે. પરંતુ કામગીરીના ભારણને ધ્યાને લેતાં બાકી કામગીરી પૂર્ણ કરવાના કામે સમય મર્યાદામાં પૂર્ણ કરી પ્રસિધ્ધ કરી શકાય તેમ ન હોય ઉક્ત અધિનિયમની કલમ ૪૨(૧) હેઠળ યોજના તૈયાર કરવાની સમય મર્યાદા તા. ૦૬/૦૧/૨૦૦૬ થી વધુ ત્રણ માસ માટે વધારી આપવા માટે સરકારશ્રીને વિનંતી કરવાનું ઠરાવ્યું. અને તે અંગેના મે.સરકારશ્રી સહ પત્ર વ્યવહાર / કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરી, સત્તા આપવા ઠરાવ્યું.

(અમલ : ટેકનીકલ શાખા)